# જાતિય સતામણી અને લિંગ આધારિત ભેદભાવની વ્યાખ્યાને વિભાજિત કરવાની જરૂર છે

રાષ્ટ્રીય મહિલા આયોગના અધ્યક્ષ રેખા શર્માએ ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી (જીએનએલયુ) ખાતે એક વિચાર ગોષ્ઠીનું આયોજન કર્યું હતું, જેમાં ગુજરાત રાજ્ય મહિલા આયોગના ચેરમેન લીલાબેન અંકુલિયા અને જીએનએલયુના ફેકલ્ટી મેમ્બર્સ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત મહારાષ્ટ્ર, ગોવા, રાજસ્થાન, મહારાષ્ટ્ર અને છત્તીસગઢના મહિલા આયોગ પ્રતિનિધિઓ એ ભાગ લીધો હતો. આ ગોષ્ઠીમાં વિમેન સેક્સ્યુઅલ હેરેસમેન્ટને રોકવા બાબતના કાયદા અને મહિલાઓના મિલકત અંગેના અધિકારો આ બે વિષય પર ચર્ચા કરવામાં આવી.

## વુમન પ્રોપર્ટી રાઈટ્સ માટે ઘણું કામ થઈ શકે



જાતિય સતામણી અને મહિલાઓના મિલકત અંગેના કાયદાઓમાં અનુભવે ઉણપ જણાઇ છે. કાયદાને વધુ અસરકારક બનાવવા માટે તેમાં સુધારાની આવશ્યકતા છે. જેના માટે અમે દેશના ખૂણે ખૂણે જઇ દરેકના મંતવ્ય જાણી મહિલા આયોગવતી અમે વાત કરીશું. આપણા દેશમાં વુમન પ્રોપર્ટી રાઈટ્સ માટે ઘણું કામ કરવાની જરૂર છે અને ખાસ કરીને જાતિય સતામણી અને લિંગ આધારિત ભેદભાવની વ્યાખ્યાને વિભાજિત કરવાની જરૂર છે. - **રેખા શર્મા**